CITY પલ્સ
મજ્જેની LIFE
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૯ મે, ૨૦૨૬



### લખોટી, ભમરડો સાથે વેકેશન બન્યું મજેદાર

# સુરતી બાળકોએ મોબાઈલ ફોનનો સંગ છોડ્યો, દેશી રમતોનો પકડ્યો સાથ

અત્યારે સ્કૂલ-કોલેજોમાં વેકેશન ચાલી રહ્યું છે. વિધાર્થીઓ અભ્યાસથી ચિંતામુક્ત રિલેક્સ્ડ થયાં છે. કેટલાંક બાળકો પોતાના પેરેન્ટ્સ સાથે વિવિધ જગ્યાઓ પર ફરવાની મજા માણી રહ્યા છે તો કેટલાંક મોબાઈલ ફોનમાં રચ્યાપચ્યા દેખાય છે. જ્યારે મોબાઈલ ફોનનો જમાનો નહીં હતો ત્યારે આકરા તાપમાં શેરી, મોહલ્લા, સોસાયટીમાં મિત્રો સાથે સાથે દેશી રમતો રમવાનો જમાનો હતો. લખોટી, ગિલીદંડા, ભમરડો, બેટબોલ, નદી પર્વત, સાત ટીકડી, થપ્પો, નાની છોકરીઓની ઢીંગલા-ઢીંગલીની રમત, કિચન સેટથી પણ ઘર ઘર રમવું ખૂબ આનંદ આપનારું હતું. કાળઝાળ ગરમીમાં બાળકો મોટાભાગે ઈન્ડોર ગેમ રમવાનું પણ પસંદ કરતા હોય છે. જોકે, હવે બાળકોમાં મોબાઈલનું વળગણ છોડાવી તેમને ફરી દેશી રમતો તરફ વાળવામાં આવી રહ્યાં છે. આવી દેશી અને આઈટડોર રમતો તડકો ઓછો થાય પછી રમાતી જોવા મળી રહી છે. તો ચાલો આપણે શહેરના અલગ અલગ વિસ્તારમાં ગલી ક્રિકેટ ઉપરાંત બીજી કઈ કઈ જૂની જાણીતી રમતો બાળકો રમતા દેખાઈ રહ્યા છે તે જાણીએ...

## નદી પર્વત, લખોટીની લક્કા દુઆ તથા ટીચકા દાવ રમે


નદી પર્વત અને લખોટી જેને મંજી પણ કહેવાય તેની બે પ્રકારની ગેમ વેકેશનમાં રમવાનું ચલણ પણ હવે વધવા લાગ્યું છે. આ ઉપરાંત હવે છોકરીઓ ટેન્ટ બનાવી તેમાં દુકાન ઉભી કરી હાથના બ્રેસલેટ વેચતી હોય તેવું પણ અત્યારે નવું નવું દેખાય રહ્યું છે. ડભોલી વિસ્તારના સ્નેહલબેને જણાવ્યું કે, હમણાં વેકેશનમાં 10-12 વર્ષના છોકરા-છોકરીઓ નદી પર્વત ગેમ રમે. તેમાં ઓટલો એટલે પર્વત અને તેની નીચેની જગ્યા એટલે નદી. જમીન પર ઉભેલો છોકરો કે છોકરી દાવ અપાવતો હોય તે પર્વત પર ઉભેલાને પકડે. જે પકડાય તે હારેલો ગણાય. લખોટીની લક્કા દુઆ અને ટીચકા દાવ ગેમ પણ બપોર પછી રમાતી હોય. હવે તો છોકરીઓ તૈયાર ટેન્ટ લગાવી તેમાં દુકાન બનાવે અને ટેન્ટની ઉપર બોર્ડ મારેલું હોય જેમાં દુકાન ક્યારે ખુલશે અને બંધ થશે તેનો સમય લખેલો હોય. છોકરીઓ મોતી, બીડ્સના બ્રેસલેટ બનાવી તે દુકાનમાં વેચે. વિસ્તારની મહિલાઓ છોકરીઓ પાસેથી આવા બ્રેસલેટ ખરીદે. આ નવા જ પ્રકારની એક જાતની મનોરંજક રમત છે.



## શનિવારી બજારમાંથી મેળવેલા બેટથી રમે ક્રિકેટ



મોટાભાગના સુરતીઓ ક્રિકેટ રસિયા છે. પહેલા તો શેરીમાં ક્રિકેટ રમતા ઊંચે ઉછળેલો બોલ કોઈના બારીના કાંચ તોડે તો મકાન માલિક બાળકોને ખીજવતા અને ધમકાવતા. હવે તો લગભગ બધા જ ક્રિકેટ રમવા લાગ્યા છે એટલે જ ગલી ક્રિકેટ લોકપ્રિય બન્યું છે. રામનગર વિસ્તારના અનંતભાઈએ જણાવ્યું કે, વેકેશનમાં પણ સૌથી વધારે રમાતું સ્પોર્ટ એટલે ક્રિકેટ. શેરી મોહલ્લામાં ધૂળ ક્રિકેટ રમવામાં અડચણ ઉભી નહીં કરે તે માટે હવે બાળકો સિમેન્ટની પિચ બનાવી સાંજે 4 વાગ્યાં બાદ ગલી ક્રિકેટ રમતા જોવા મળે છે. તેઓ ટેનિસ કે પ્લાસ્ટિકનો બોલ યુઝ કરે અને કેટલાંક સ્ટાન્ડર્ડ બેટને બદલે શનિવારી કે જેને હવે રવિવારી બજાર કહેવાય છે ત્યાંથી લાકડાના સસ્તા બેટ મેળવીને વેકેશનમાં ક્રિકેટ રમી વેકેશનનો સારો સમય વિતાવે છે.રાંદેરમાં ફૂટબોલ અને ડુમસમાં બીચ ફૂટબોલનો ક્રેઝ છે. રાંદેરનું લગભગ દરેક બાળક ફૂટબોલ અચૂક રમે જ છે. સાંજે બાળકો મેદાન પર ફૂટબોલ તો ડુમસના દરિયા કિનારે પણ વેકેશનમાં બાળકો દરિયા કિનારાની રેતી પર ક્રિકેટ અને ફૂટબોલ તથા વોલીબોલ રમતા દેખાય છે.





## લખોટી અને ભમરડો ફરી રમવા લાગ્યાં છે બાળકો

ભમરડો, કોડી બજારમાં વેચાતા મળી જશે પણ લખોટી વેચાતી મળવી હવે મુશ્કેલ છે. પપ્પા, કાકાએ વર્ષોથી સાચવી રાખેલી લખોટીઓ બાળકો હવે રમતાં જોવા મળી રહ્યાં છે. રાંદેર વિસ્તારના તરલભાઈ પટેલે જણાવ્યું કે, અમારી સોસાયટી અને અન્ય સોસાયટીઓમાં બાળકો ભમરડો, માંચ (પાસા ફેંકવાની રમત), લખોટી, સાત ઠીકડી, શૂન્ય ચોકડી રમતો સાંજે 4 વાગ્યા પછી 6થી 13-14 વર્ષના બાળકો મોટાભાગે શનિ-રવિ અને વેકેશનમાં રમતા જોવા મળે છે. બાળકો મોબાઈલમાં ખોવાયેલા રહે તો તેમની શારીરિક ક્ષમતા ઓછી થાય છે. વેકેશનમાં બાળકો મોબાઈલ ફોન, TV જુએ તે કરતા ઘરની બહાર નીકળીને દેશી રમતો રમે તે માટે પેરેન્ટ્સ અને મોટી વયના છોકરાઓ બાળકોની સાથે આ ગેમ્સ રમે એટલે ધીરે ધીરે બાળકોને આ દેશી રમતો રમવામાં મજા આવવા લાગે છે. રાત્રીના સમયે ઘરની સ્ત્રીઓને માંચ રમતી જોઈને બાળકો પણ આ ગેમ સ્ટ્રીટ લાઈટના પ્રકાશમાં રમવા લાગ્યા છે. સાત ટીકડી એટલે એક પથ્થરની ઉપર બીજો તેની ઉપર ત્રીજો પથ્થર ગોઠવીને રમાતી રમત પણ બાળકો હવે સાંજે 6 - 7 વાગ્યાં સુધી રમતા હોય છે.

## નાની છોકરીઓમાં ઢીંગલી અને ઘર ઘર રમવાની મજા



વર્ષો પહેલાં નાની છોકરીઓ શેરી મોહલ્લામાં ઢીંગલીઓ તથા રમકડાના કિચન સેટ લાવી ઘર ઘર રમતી. મોબાઈલ ફોનના જમાનામાં ઢીંગલીથી રમવાનું ભુલાઈ ગયું હતું પણ અત્યારે ફરી વેકેશનમાં આવો નજારો જોવા મળી રહ્યો છે. અડાજણ વિસ્તારના ખુશ્બુ પટેલે જણાવ્યું કે 4થી 8- 10 વર્ષની છોકરીઓ સોસાયટીમાં સાંજના 5 વાગ્યાની આસપાસ ભેગી થાય અને ઓટલા પર ઢીંગલીઓથી રમે. કોઈ એક છોકરી ઢીંગલીની મમ્મી તો બીજી છોકરી ઢીંગલીના પપ્પા બને. રમકડાના એક્ટિવા પર ઢીંગલીને ડૉક્ટર પાસે લઈ જાય અને દવા લઈ આવે. ઢીંગલીને દવા પીવડાવી સુવડાવી દે. રમકડાના કિચન સેટમાં જમવાનું બનાવે અને બધી છોકરીઓ સાથે જમવા બેસે. એક બે કલાક નાની દીકરીઓ ઢીંગલીઓ સાથે રમે. તેમની મમ્મી ઢીંગલીના કપડાં અને જવેલરી બનાવી આપે.

## ડોજબોલ, આઇસ એન્ડ સ્પાઇસ ગેમ પણ બની લોકપ્રિય

બાળકો બોલ મારવાની ડોજબોલ ગેમ, આઈ સ્પાઈ (I Spy) ગેમ પણ રમીને મોબાઈલ ફોનથી તો દૂર રહે જ છે સાથે તેઓની અનુમાનશક્તિ વધે છે. સચિન વિસ્તારના રિદ્ધિ શાહે જણાવ્યું કે, બાળકો નદી પર્વત ગેમ તો રમે જ છે સાથે તેઓ ડોજબોલ નામની ગેમ પણ ખૂબ રમી રહ્યા છે. તેમાં સામસામે 2 ટીમના ખેલાડીઓનો ઉદ્દેશ્ય સામેની ટીમના ખેલાડીઓને બોલ મારીને આઉટ કરવાનો અને પોતાને દડાથી બચાવવાનો હોય છે. આ ઝડપ વધારનારી ગેમ છે. આઈ સ્પાઈ ગેમમાં અનુમાન લગાવવાનું હોય છે. આ ઉપરાંત બાળકો લંડન કી ચુડેલ, આઈસ વોટર, આઈસ સ્પાઈસ ગેમ રમે છે. બાળકો બપોર પછી ભેગા થઈને વિવિધ દેશી અને હાલમાં શરૂ થયેલી ગેમ રમે છે અને એટલો સમય તેઓ મોબાઈલ ફોનથી અલિપ્ત રહે છે.



# ક્રોશે જવેલરી આપે છે ફંકી અને અટ્રેકટિવ લૂક

સ્માર્ટનેસ વ્યક્તિને ઘણી કોન્ફિડેન્ટ બનાવે છે અને ઘણીખરી સ્માર્ટનેસ ફેશનથી પણ આવે છે. ક્રોશે જ્વેલરી સુરતી લેડીઝમાં 2026માં ફેશન અને સસ્ટેનેબિલિટીનું નવું પ્રતીક બની ચૂકી છે. હવે સીઝનને ધ્યાનમાં રાખીને લાઈટવેઈટ જ્વેલરી વધારે પસંદ કરવામાં આવે છે, એને કારણે જ ક્રોશે જ્વેલરી ટ્રેન્ડિંગ બની છે. તેની અનોખી ડિઝાઈન અને ક્લરફૂલનેસને કારણે આ પ્રકારની જ્વેલરી વેસ્ટર્ન અને કેઝ્યુઅલ આઉટફિટ પર ખીલી ઉઠે છે અને દોરાથી બનતી હોવાથી ત્વચાને પણ કોઈ નુકસાન નથી કરતી. મોતી અને ક્લરફુલ સ્ટોન ડાયમંડના યુઝથી તે વધારે એટ્રેક્ટિવ લાગે છે. તો ચાલો, આપણે ક્રોશેની કઈ કઈ જ્વેલરી લગ્ન અને પાર્ટી ફંક્શનમાં ટ્રેન્ડિંગ છે, તેના વિશે જાણીએ..






## બોલ્ડ અને ભારીભરખમ ડિઝાઇનના ક્રોશે નેકલ્સનો ટ્રેન્ડ


હળવીફૂલ ક્રોશે જવેલરીના ટ્રેન્ડમાં પાતળી દોરીને બદલે બોલ્ડ અને ભારીભરખમ ડિઝાઈનના ક્રોશે નેકલેસનો પણ એક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. મહેંદી ફંક્શનમાં ક્રોશે જવેલરીનો તો ક્રેઝ છે જ પણ હવે જ્યારે ફરવા નીકળ્યા હોય ત્યારે વેસ્ટર્ન આઉટફિટ સાથે પણ ક્રોશે નેકલેસ પહેરવાનું સુરતી ગર્લ્સ પસંદ કરી રહી છે. મોતી અને બીડ્સને દોરામાં પરોવેલા નેકલેસ બોલ્ડ લુક આપતા હોવાથી પણ હવે સુરતી યુવતીઓ કોઈપણ ઓકેઝન પર પહેરવાનું પસંદ કરે છે.

## ઝીણા મોતીના ક્રોશે બ્રેસલેટ હાથની નજાકત વધારે છે

આજકાલ લગ્ન અને ખાસ પ્રસંગે લાઇટ વેટ ડિઝાઇનવાળા બ્રેસલેટ ખાસ્સા પસંદ કરવામાં આવે છે. સાદા દોરાની જગ્યા પર ઝીણા મોતીઓને ક્રોશેમાં પરોવવામાં આવતા બ્રેસલેટ ચમકદાર અને આકર્ષક બને છે. આવા બ્રેસલેટ પોતાના આઉટફિટની ડિઝાઇન અને કલરને મેચ કરે તેવા બ્રેસેલટ કસ્ટમાઇઝડ બનાવવાનો ટ્રેન્ડ છે.







## ક્રોશે ફલાવર ઝૂમખા બધા જ આઉટફિટ પર શોભે છે

આજકલ ફ્લોરલ ડિઝાઈનના ક્રોશેથી બનાવેલા ઝૂમખા ખૂબ જ સુંદર અને ટ્રેન્ડી લાગે છે. કલરફુલ અને લાઈટવેઈટ ઝૂમખા વેસ્ટર્ન અને એથનીક બંને પ્રકારના આઉટફિટ પર ખૂબ જ સુંદર લાગે છે. લગ્નમાં મહેંદી ફંક્શનમાં ફલાવર ડિઝાઈનના ક્રોશે ઝૂમખા ખૂબ પોપ્યુલર બન્યા છે. ફ્રેશ ફૂલોમાંથી બનાવેલી જ્વેલરી કરતા ક્રોશે જ્વેલરી વધારે ટ્રેન્ડિંગ છે કેમકે તે ટકાઉ જ્વેલરી છે અને તેને લગ્નની યાદગીરી રૂપે જીવનભર સાચવીને રાખી શકાય છે. તે ક્લરફૂલ થ્રેડમાંથી બનતી હોવાથી એટ્રેક્ટિવ લાગે છે.

## વેસ્ટર્ન ડ્રેસ પર ક્રોશે પાયલ લાગે છે સ્ટાઈલિશ

રેશમી દોરો, ઘૂંઘરૂ, કલરફુલ મોતી અને બીડ્સનું કોમ્બિનેશન કરીને બનાવવામાં આવતી ક્રોશે પાયલ ફેસ્ટિવ સીઝન, કેઝ્યુઅલ પાર્ટી, ગરબા નાઈટ્સમાં સાડી, લેંઘા અને વેસ્ટર્ન ડ્રેસની સાથે પહેરવી સ્ટાઈલિશ લાગે છે. હવે તો સુરતી યુવતીઓ પોતાના ફ્રેન્ડ્સ સાથે ડુમસ કે સુવાલી દરિયા કિનારે જાય ત્યારે વેસ્ટર્ન ડ્રેસ પર આવી પાયલ કે એન્કલેટ પહેરવાનું પસંદ કરે છે. ફલાવર, જાળીદાર અને મોરક્કો શૈલીના ગૂંથણની પાયલ બ્રાઈડ વધારે પસંદ કરે છે.